# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 16-01-2026 Day: Friday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **વિરલ રાણા** વાંચે છે.

---

## સ્ટાર્ટઅપ ઇન્ડિયા – PM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે સ્ટાર્ટઅપ ઇન્ડિયા પહેલના દસ વર્ષની ઉજવણીના ખાસ કાર્યક્રમમાં ભાગ લેશે.

પ્રધાનમંત્રી ભારતના સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમના સભ્યો સાથે વાતચીત કરશે. પસંદગીના સ્ટાર્ટઅપ પ્રતિનિધિઓ પણ તેમની ઉદ્યોગસાહસિક યાત્રા અંગે વાત કરશે.

આ પહેલ આજે વિશ્વની સૌથી મોટી અને સૌથી વૈવિધ્યસભર સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમમાંની એક બની ગઈ છે, જે વિકસિત ભારત 2047 તરફ ભારતની સફરમાં મુખ્ય ભૂમિકા ભજવે છે.

**-----------------------------------------------------------------------------------------**

## કેન્દ્રીય ગૃહમંત્રી શંકરાચાર્ય ગ્રંથાવલી વિમોચન

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આદિ શંકરાચાર્ય ગ્રંથાવલીનું અમદાવાદ ખાતે વિમોચન કર્યું હતું.

આ પ્રસંગે શ્રી શાહે જણાવ્યું હતું કે, 117 વર્ષ જૂની 'સસ્તું સાહિત્ય' સંસ્થા ફરી બેઠી થઈ, આગામી 50 વર્ષ સુધી જ્ઞાન પીરસતી રહેશે. સસ્તું સાહિત્ય દ્વારા 'આદિ શંકર સમગ્ર' ગ્રંથાવલીનું વિમોચન કરાયું છે, જે ગુજરાતી સાહિત્ય માટે મોટી ઘટના છે.

સસ્તું સાહિત્ય ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત અને ડૉ. ગૌતમ પટેલ દ્વારા સંપાદિત આદિ શંકરાચાર્ય સમગ્ર ગ્રંથાવલીના ભાગ 1થી 15 ગ્રંથોનું અમદાવાદ ખાતે વિમોચન કરાયું હતું.

---

## પાકિસ્તાની માછીમારોની ધરપકડ

ભારતીય કોસ્ટ ગાર્ડ તા.૧૪ જાન્યુઆરીના રોજ અરબી સમુદ્રમાં પેટ્રોલિંગ કરી રહી હતી. આ દરમ્યાન રાત્રે આંતરરાષ્ટ્રીય સમુદ્રી સીમા (**IMBL)** નજીક ભારતીય જળસીમામાં ઘુસેલી પાકિસ્તાની માછીમારી બોટને ઝડપી પાડવામાં આવી હતી. આ બોટમાં ૯ પાકિસ્તાની માછીમારો હોવાથી તેમને પણ પકડી પાડવામાં આવ્યા હતા.કોસ્ટ ગાર્ડના જહાજે શંકાસ્પદ બોટને પડકારતાં તે પાકિસ્તાન તરફ ભાગવાનો પ્રયાસ કરવા લાગી હતી, પરંતુ કોસ્ટ ગાર્ડે ઝડપી કાર્યવાહી કરીને ભારતીય જળસીમામાં જ બોટને અટકાવી બોર્ડિંગ કર્યું હતું. તપાસ દરમિયાન અલ-મદીના નામની આ પાકિસ્તાની માછીમારી બોટમાં કુલ ૯ શખસો હોવાનું જાણવા મળ્યું હતું. તેમને પકડી પાડીને બોટને વધુ તપાસ (રમેજિંગ) અને સંબંધિત એજન્સીઓ દ્વારા સંયુક્ત પૂછપરછ માટે ભારતીય કોસ્ટ ગાર્ડના જહાજ દ્વારા પોરબંદર મોકલી દેવાઈ હતી. કોસ્ટગાર્ડ દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

---

## કરૂણા અભિયાન

રાજ્યભરમાં આગામી 20 જાન્યુઆરી સુધી કરૂણા અભિયાન ચાલી રહ્યું છે. તે અંતર્ગત રાજ્યભરમાં હાલ કુલ 450 જેટલા સંગ્રહ કેન્દ્ર, 85 જેટલા નિયંત્રણ ખંડ અને 480થી વધુ સારવાર કેન્દ્ર અબોલ પક્ષીઓના સારવાર અને બચાવ કાર્ય માટે કાર્યરત્ છે. ઈજાગ્રસ્ત પક્ષીઓની સારવાર માટે લોકો હેલ્પલાઈન નંબર 1962 ડાયલ કરી શકશે. જ્યારે પક્ષી સારવાર કેન્દ્રની વિગત વાઈલ્ડ લાઈફ હેલ્પલાઈન નંબર 83200-02000 પર ફોન કરી મેળવી શકશે.દરમિયાન પશ્ચિમ કચ્છના વિવિધ વિસ્તારોમાં કુલ 80 જેટલા પક્ષીઓને ઇજા પહોંચી હતી. ભુજની સુપાર્શ્વ કરુણાધામ પશુ હોસ્પિટલમાં સારવાર આપીને બચાવી લેવામાં આવ્યા હતા.

---

## ભૂમિ નૌકા વિહાર : આર્મિ ડે ધોરડો : ઉજવણી

78 માં આર્મી દિવસની ઉજવણીના ભાગરૂપે ગઈકાલે કચ્છના રણમાં ધોરડો ખાતેથી 11માં લેન્ડ યોચિગ ભૂમિ નૌકા વિહાર અભિયાનનો પ્રારંભ કરાયો છે. અંકિત બિહારીના નેતૃત્વમાં 20 ભારતીય સેનાના જવાનોએ ફર્સ્ટ ઇન બેટલ બ્રિગેટના નેજા હેઠળ જવાનોના અતૂટ સમર્પણ શિસ્ત અને નિદર્શનનું પ્રદર્શન કરતી આ નોંધપાત્ર યાત્રા શરૂ કરી હતી. રણની ઉજ્જડ સપાટ ભૂમિ માં 400 કિમી સુધીની આ યાત્રા 20 મીના સમાપ્ત થશે.

**-----------------------------------------------------------------------------------------**

## ગુલઝારીલાલ નંદા : શ્રદ્ધાંજલિ : ભારતીય સેવક સમાજ

**દેશની 74 વર્ષ જૂની રાષ્ટ્રવાદી સંસ્થા ભારત સેવક સમાજ દ્વારા દેશના બે વખત કાર્યકારી પ્રધાનમંત્રી રહી ચૂકેલા સ્વ. ગુલઝારીલાલ નંદાને તેમની 28 મી પુણ્યતિથિ નિમિત્તે સ્થાપેલી સંસ્થા દ્વારા શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. આ પ્રસંગે રેલવે સ્ટેશન પાસે આવેલા કોલીવાસમાં એક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં સંસ્થાની કચ્છ જિલ્લા શાખાના કાર્યકારી પ્રમુખ અબ્દુલગફુર શેખ, સામાજિક કાર્યકર પ્રબોધ મુનવર સહિતના અગ્રણીઓએ શ્રદ્ધાંજલિ આપી હતી.**

**-----------------------------------------------------------------------------------------**

## ક્રિકેટ

19 વર્ષની નીચેની  વયના યુવા ખેલાડીઓના  વિશ્વકપની પ્રથમ મેચમાં ભારતીય ટીમે અમેરિકાની યુવા ટીમને 6 વિકેટે હરાવી વિજયી પ્રારંભ કર્યો છે. ઝિમ્બાબ્વેમાં રમાતી મેચમાં અમેરિકાની ટીમ 107 રનમાં આઉટ થઈ ગઈ હતી. વરસાદી અવરોધને લીધે વિજયી લક્ષ્યાંક ઘટાડી 96 રનનું કરાતા ડીએલએસના આધારે ભારતે 4 વિકેટ ગુમાવી 99 રન કરી મેચ જીતી લીધી હતી. પ્લેયર ઓફ ધ મેચ હેનીલ પટેલે સાત ઓવરમાં 16 રનમાં પાંચ વિકેટ ઝડપી હતી.

---

# માર્ગ સલામતી કાર્યક્રમ : મુક્ત જીવન મહિલા કોલેજ

રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ અંતર્ગત ભુજની મુક્તજીવન સ્વામીબાપા મહિલા આર્ટસ અને કોમર્સ કોલેજ ખાતે આરટીઓ દ્વારા જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ચાલુ વર્ષે શીખ સે સુરક્ષા, ટેકનોલોજી સે પરિવર્તન થીમ રાખવામાં આવી છે. ઉપસ્થિત 700 જેટલી વિદ્યાર્થીનીઓને વાહન વ્યવહારના નિયમો અને ટ્રાફિક નિયમો પાળવા કેટલા જરૂરી છે. તેની સમજ આપવામાં આવી હતી જે બાદ વિદ્યાર્થીઓએ નિયમો પાળવાની પ્રતિજ્ઞા લીધી હતી.

---